# નેપાળથી પરત ફરતા ભુજના યાત્રિકો ફૂડ પોઈઝનની ઝપેટમાં

## ૧૩ જેટલા યાત્રિકોને પાલનપુર સિવિલમાં ખસેડાયા

નેપાળથી પરત ફરતા ભુજના યાત્રાળુ ઓને ફૂડ પોઈજન થતા અફરા તફરી મચી ગઈ હતી. દરમિયાન અસરગ્રસ્ત ૧૩ થી વધુ યાત્રિકોને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ભુજના યાત્રાળુ નેપાળથી પરત ભુજ ફરી રહ્યા હતા. દરમિયાન, લકઝરીના સંચાલકોએ બનાવેલું ભોજન આરોગતા તબિયત લથડી હતી. ત્યારે ૧૩થી વધુ યાત્રાળુ ઓને ફૂડ પોઈજન ની અસર થઈ હતી. આખી રાત યાત્રાળુ જાડા ઉલટીથી પીડાયા હતા. દરમિયાન, અસરગ્રસ્તોને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અસરગ્રસ્તોની યાદી. (૧) રમેશજી ધર્મેન્દ્રભાઈ માળી ઉ.૨૮ રહે. છત્રાલ (૨) મનીષાબેન એમ.ઝધારીયા ઉ.૩૫ (૩) મીનાબેન. ભરતભાઈ ઉપાધ્યાય ઉ.૫૦ (૪) ભરતભાઈ જગદીશભાઈ ઉપાધ્યાય ઉ.૬૦ (૫) સાધનાબેન સુનિલકુમાર દાસ ઉ.૬૭ (૬) અલ્પાબેન ચંદ્રકાન્ત ગૌર ઉ.૪૩ (૭) દયમંતીબેન.જે.જેકી ઉ.૬૫ (૮) શિલ્પાબેન.જે.ગૌર ઉ.૪૩ (૯) અલ્પાબેન.કે.ઠક્કર ઉ.૩૭ (૧૦) જયાબેન.બી.બારોટ ઉ.૫૫ (૧૧)યશોદાબેન.કે.ગઢવી ઉ.૩૭ (૧૨) ગંગાબેન.અરજણદાન ચારણ ઉ.૬૧ (૧૩) અરજણભાઈ. એલ.ચારણ ઉ.૬૩ તમામ રહે. માધુપુરા, ભુજ.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં વહેલી સવારે વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવતા આકાશમાં કાળા ડીંબાંગ વાદળો ગોરંભાતાં ખેડુતો ચિંતીત બન્યા હતા. એક તરફ ખેતરોમાં મગ, મગફળી, મકાઈ સહિત વિવિધ પાકો પાકવાની તૈયારીમાં છે ત્યારે માવઠાના એંધાણ વર્તાતાં ખેડુતો ચિંતીત બન્યા હતા. ખેડુતો તૈયાર પાક બચાવવા રાત-દિવસ ધમપછાડા કરી રહ્યા છે. ખેડુતો ધ્વારા અમુક વિસ્તારોમાં કપાસ અને શેરડીનું વાવેતરનો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે માવઠાના એંધાણ વર્તાતા ખેડુતો મુંઝવણમાં મુંકાયા છે. વાતાવરણમાં એકા-એક પલટો આવતા અસહ્ય કાળઝાળ ગરમીથી શેકાતા પ્રજાજનોએ રાહતનો દમ લીધો છે. પવન સાથે માવઠું થાય તો મકાઈ, મગ, મગફળી અને પશુઓ માટે વાવેલ ઘાસચારો પલળી જતાં મોટુ નુંકશાન થઈ શકે છે તેમજ દેશી કેરી હજુ બજારમાં ક્યાંક-ક્યાંક દેખાય છે ત્યારે પવનનું વાવાઝોડુ નથી ને આવી જાય તો દેશી કેરીનો ખાખ વળે તેવા એંધાણ વર્તાયા છે.

# ભિલોડા તાલુકામાં મઉં ગામમાં ઝગડાની અદાવત રાખી મારામારી

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં મઉં ગામમાં ઝગડાની અદાવત રાખી મારામારી દરમ્યાન છુટ્ટા પથ્થરો મારતાં મામલો ગરમાયો હતો. જાનથી મારી નાખવાની ધમકીઓ ઉચ્ચારી જીલ્લા મેજીસ્ટેટના જાહેરનામાનો ભંગ કર્યોહતો. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સુરેશભાઈ ભગોરાના જણાવ્યા મુજબ મઉં ગામમાં ઝગડાની અદાવત રાખી બિભત્સ અપશબ્દો બોલી આવેશમાં આવી લાકડીઓ વડે મારામારી કરતાં મામલો ગરમાયો હતો.એક ઈસમનો પગ ભાગી નાખતાં સારવાર હેઠળ ખસેડાયો હતો. ઝગડાની અદાવતમાં મારામારી કર્યા બાદ મામલો ગરમાતાં જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જીલ્લા મેજીસ્ટેટના જાહેરનામાનો ભંગ કર્યો હતો.

ભિલોડા તાલુકાના મઉં ગામના એસ.ટી.વિભાગના નિવૃત કર્મચારી મોહનભાઈ ગલબાભાઈ પરમાર સાથે સામાન્ય બાબતના ઝગડાની અદાવત રાખી મારામારી કરતાં મામલો ગરમાયો હતો. મારામારી સંદર્ભે મઉં ગામના મોહનભાઈ ગલબાભાઈ પરમારએ પોલીસ સ્ટેશનમાં ૭ ઈસમો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ મધુબેન કાંતીભાઈ પરમાર, પ્રશાંતભાઈ કાંતીભાઈ પરમાર, કૃષ્ણકાંતભાઈ કાંતીભાઈ પરમાર, અભિષેકભાઈ કાંતીભાઈ પરમાર, પિનાકીનીબેન કાંતીભાઈ પરમાર, અશ્વિનીબેન કાંતીભાઈ પરમાર તમામ રહે. મઉં, તા. ભિલોડા, રજનીશ ભીખાભાઈ રાઠોડ, રહે. આડા હાથરોલ, તા.હિંમતનગર વિરૂધ્ધ પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસાના લઘુમતિ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનામાં વેઠ ઉતાર્યાની બૂમ

## હલકી કક્ષાનુ મટીરીયલ્સ વપરાયુ છતા નગરપાલિકાતંત્ર ચૂપ : નગરપાલિકાના કર્મચારીઓનો કોન્ટ્રાક્ટર સાથે હિસ્સો હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે કરોડો રૂપિયા ખર્ચી ભુગર્ભ ગટર યોજનાનું કામકાજ પૂર્ણતાની આરે છે. ચોમાસુ દસ્તક લઈ રહ્યુ છે તે પહેલા નગરપાલિકાતંત્ર અને કોન્ટ્રાક્ટર દ્વારા દિવસ-રાત કામકાજ હાથ ધરી આટોપી લેવાની તૈયારીઓ હાથ ધરી છે. ત્યારે લઘુમતિ વિસ્તારમાં બનાવેલી ગટર યોજનામાં બિલકુલ નિમ્ન કક્ષાનુ અને હલકી કક્ષાનું ગુણવત્તાવાળુ કામ કરવામાં આવ્યુ હોવાની બૂમ ઉઠી છે. નગરપાલિકાતંત્ર અને કોન્ટ્રાક્ટરની મીલીભગતથી નવિન ભુગર્ભ ગટર યોજનામાં ભારે ખાયકી કરવામાં આવી હોવાની બૂમ ઉઠી છે.

આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ મોડાસાના લઘુમતિ વિસ્તારમાં ચોમાસાના વરસાદી પાણીના નિકાલ માટે નગરપાલિકાતંત્ર દ્વારા નવિન ગટર યોજનાનુ કામકાજ પૂરજોશમાં હાથ ધરી આટોપી લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. લઘુમતિ વિસ્તારમાં કોન્ટ્રાક્ટરે ગટર યોજનામાં હલકી ગુણવત્તાવાળુ અને નિમ્ન કક્ષાનુ મટીરીયલ્સ વાપરી મોટા પ્રમાણમાં ખાયકી કરવાની સાથે લેવલીંગ કર્યા વગર આડેધડ ગટરનુ કામકાજ પૂર્ણ કરવા માટે દિવસ-રાત ધંધે લાગી ગયા છે. અને નગરપાલિકાતંત્ર દ્વારા હલકી કક્ષાનુ કામકાજ કરવા છતાં કોઈ જ દરકાર લેવામા ન આવતા કરોડો રૂપિયા ખર્ચ્યા પછી પણ લઘુમતિ વિસ્તારમાં ચોમાસાની ૠતુમાં વરસાદી પાણી ભરાવાનુ સંકટ તોળાઈ રહ્યુ છે. નવીન ગટરનુ કામકાજ કરતા કોન્ટ્રાક્ટર સાથે નગરપાલિકાના કર્મચારી કે કર્મચારીઓનો હિસ્સો હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે. સરકારના કરોડો રૂપિયા નગરપાલિકાતંત્રના અણધડ વહીવટના પગલે ગટરમાં વહી જાય તો નવાઈ નહિ. નગરપાલિકાતંત્ર દ્વારા લઘુમતિ વિસ્તારમાં નવિન ગટર યોજનામાં વેઠ ઉતારવામાં આવી હોવાની બૂમ ઉઠી છે.

### લઘુમતિ વિસ્તારના અગ્રણી શું કહે છે...

નગરપાલિકાતંત્ર દ્વારા ટેન્ડર મંગાવી ટેન્ડર ભરનાર કોન્ટ્રાક્ટરને કામકાજ સોંપાતા પહેલાથી જ ૧૯/૨૦ કામકાજ થાય છે. તદ્ઉપરાંત ૧૫ થી ૨૦ ટકા રૂપિયા કમીશન આપવામાં આવે ત્યારે કોન્ટ્રાક્ટરના બીલ પાસ થતા હોય તો પછી ઉત્તમ કામગીરીની આશા કઈ રીતે રાખવી ? નગરપાલિકાતંત્રએ કોન્ટ્રાક્ટરને પૂરેપૂરા રૂપિયા આપી કામકાજ કરાવવામાં આવે અને ૫ વર્ષની ગેરંટી પેટે ડિપોઝીટ લેતો જ નક્કર કામ થઈ શકે તેમ છે.

ગટર ચેમ્બરમાં તળીયા સીમેન્ટથી નાખવાના બદલે માટીના જ રાખી રૂપિયા સેરવી લેવામાં આવ્યા છે. કોન્ટ્રાક્ટર દ્વારા ૮ પાઈપ પછી ચેમ્બર બનાવવામાં આવે છે. જે ૬૫/૦૫ પછી બનાવવામાં આવ્યા હોય તો ગટરની સાફ સફાઈ ઝડપથી કરી શકાય તદ્ ઉપરાંત ગટરનુ કામકાજ લેવલીંગ પ્રમાણે પણ નવી થયુ અને ગટરના સેમ્પલ લેવામાં આવ્યા નથી. હજુ પણ નગરપાલિકાતંત્ર ઘોર નિંદ્રામાંથી જાગી સુપરવાઈઝર રાખી સેમ્પલ લેવામાં આવે તે ખૂબજ જરૂરી છે. સરકારી નાણા વેડફાય નહી.





# જગાણા પાસે અપહરણ કરી ખંડણી માંગનાર ગુનેગારો ઝડપાયા

સરહદી બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગૂનાહિત ષડયંત્ર રચી યુવકનુ અપહરણ કરી ? એક લાખની ખંડણી માંગનાર બે અપરાધીઓને ઝડપી લઈ અપહરણ અને ખંડણીના




ગુનાનો ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો હતો.

સ્ત્રી સહવાસની લાલચ કોઈની પણ બુધ્ધિ ભ્રષ્ટ કરી દે છે .જેથી રિઢા ગુનેગારો મોટા ભાગના ક્રાઈમ મા સહ તહોમતદાર તરીકે સ્ત્રીઓનો ઉપયોગ કરી લોકો ને છેતરી રહ્યાં છે .બોગસ ફ્રેન્ડ્સ ક્લબો આનુ ઉત્તમ ઉદાહરણ છે.ત્યારે બનાસકાંઠા ના પાલનપૂર ખાતે લોકલ ક્રાઈમ બ્યૂરોને આવા જ ક્રાઈમની ફરિયાદ મળતા પૌલિસે ગણતરીના કલાકો મા આ ક્રાઈમ ડિટેક્ટ કરી બે આરોપીઓ ને જડપી પાડ્યા છે.

આ ક્રાઈમ ની વિગત જોઈએ તો,મેસી ફર્ગ્યુસન કંપની અમદાવાદના ફિલ્ડ ઓફિસર શશાંક જૉગિદર પંજાબી અને તેમના મિત્ર પરવિંદર ચાવલા જયપુરથી અમદાવાદ જતા હતા.જોકે રસ્તામાં મોટર સાઈકલ અને સ્વિફ્ટ કાર મા આવેલા બે ઈસમોએ તેમણે રોકી ધમકીઓ આપી હતી .અને કહ્યુ કે × અમારી દીકરી સાથે કેમ ચેટિંગ કરી હતી .×તેમ કહી ઝપાઝપી કરી ?. એક લાખની ખંડનીની માંગણી કરી હતી. જેથી શશાંક પંજાબીએ તેમના મિત્ર પરવિદર ચાવલાને એ.ટિ.એમ. માંથી પૈસા લઈ આવવાનુ કહ્યુ હતું. જોકે પરવિદર ચાવલાએ સમય સૂચકતા વાપરી પોલીસને જાણ કરી હતી. જેને પગલેએ એલ.સી.બી. પી.આઈ. જે.એચ.સિંધવ અને ટીમે આરોપિઓ જડપવા ઓપરેશન હાથ ધર્યુ હતુ.અને તેં બાદ પોલિસે ફીલ્મી ઢબે જગાણા નજીક આરોપીનાં લોકેશનને ટ્રેસ કરી પકડી પાડ્યા હતાં .અને અપહ્યત ફિલ્ડ ઓફિસર શશાંક જૉગિદર પંજાબી ને હેમહેમ છોડાવ્યા હતાં. અને આ ગુનામાં મુખ્ય સૂત્રધાર એવા આલમદાર હુસૈનભાઈ મોમિન રહે. કાણોદર તેમજ તૈસીન હેદર મેમણ ને જડપી પાડ્યા હતા .આ ગુનામ અન્ય ચાર જેટલા તહોમતદાર પણ સંડોવાયેલા હોઈ પોલિસે આ મામલે પણ તપાસ હાથ ધરી છે.

આ ગુનાના આરોપીનાં પાસે થી ઓલ ઈન્ડિયા ક્રાઈમ ઓર્ગેનાઈઝ દિલ્હી નુ આઈ કાર્ડ મ્લ્યૂ છે .આરોપિઓ એ સાનીયા નામનું ફેક વી ચેટીગ એકાઉંટ બનાવી ,પીડિતો ને ફસાવિ વેલ પ્લાન ગૂનાહિત કાવતરુ બનાવ્યું હતુ .જોકે શૉર્ટ કટ મા પૈસા કમાવવા નો આ પ્લાન પોલીસ જાગ્રુતિ એ ભાંગી પડતા આ અપરાધીઓ જેલ હવાલે થયા છે .ત્યારે આ ગેન્ગ દ્વારા આવા જ કાવતરા થી અન્ય કેટલા લોકો ને લૂટવા મા આવ્યા છે તેની પોલિસે તપાસ હાથ ધરી છે.

# ઊંઝા હાઈવે પર છરીની અણીએ લૂંટ

**સાત અજાણ્યા લૂંટારૂઓએ સુરક્ષાગાર્ડને છરીની અણીએ પાંચ ગોડાઉનના તાળા તોડ્યા : એક લાખની કિંમતની ૩૯ બોરી એરંડાની લૂંટ ચલાવી ફરાર**

ઊંઝા, તા. ૨૮

ઊંઝા ખાતે હાઈવે પર કોર્ટ સંકુલ પાસે આવેલ કંકુ એસ્સેટમાં વહેલી પરોઢના સમયે ત્રાટકેલા સાત અજાણ્યા લૂંટારૂઓની ટોળકીએ ફરજ પરના સુરક્ષા ગાર્ડને માર મારી છરીની અણીએ એસ્ટેટની ઓફિસમાં બંધક બનાવી પાંચ ગોડાઉનોના તાળા તોડી આ પૈકી એક ગોડાઉનમાં રૂપિયા એક લાખની કિંમતની મત્તાની એરંડા ભરેલ ૩૯ બોરીઓની આબાદ લૂંટ ચલાવી વાહનમાં ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે ભયની લાગણી ફેલાઈ છે.

વિગત એવી છે કે ઊંઝા ખાતે હાઈવે પર કોર્ટ સંકુલ નજીક કંકુ એસ્ટેટ આવેલ છે. જેમાં જીક્સ લોજીસ્ટીક નામની કંપનીના ગોડાઉનો છે. આ એસ્ટેટ પર રાત્રીના સમયે દશરથભાઈ મફાભાઈ રબારી સિક્યુરીટી ગાર્ડ તરીકે હાજર હતા ત્યારે વહેલી પરોઢના સુમારે સાત અજાણ્યા શખ્સો ૪૦૭ મેટાડોર જેવુ વાહન લઈને આવ્યા હતા અને અચાનક ફરજ પરના સિક્યુરીટી ગાર્ડને હિંદી ભાષામાં ધમકી આપી ગડદાપાટુનો માર માર્યો હતો. બાદ છરીની અણીએ ગાર્ડને એસ્ટેટની ઓફિસમાં લઈ જઈ તેમના હાથ પગ બાંધી દીધા હતા. ત્યારબાદ ગોડાઉનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી ૪૦૭ મેટાડોર જેવુ વાહન લાવી એસ્ટેટની અંદરના પાંચ ગોડાઉના તાળા તોડી નાંખ્યા હતા. જે પૈકી ગોડાઉ નં. ૬માંથી એરંડા ભરેલ બોરી નંગ-૩૯ જેની કિંમત અંદાજે રૂપિયા એક લાખની થવા જાય છે. તેની દિલધડક લૂંટ ચલાવીને ક્યાંક નાસી છૂટ્યા હતા. લૂંટારૂઓ ૨૫ થી ૩૦ વર્ષની વયના શરીરે મધ્યમ બાંધાના રંગે ગઉંવર્ણા હતા. તેઓએ શરીર પર પેન્ટ શર્ટ પહેરલ હતા.

આ બનાવ અંગે સિક્યુરીટી ગાર્ડ દશરથભાઈ મફાભાઈ રૂબારી રહે. ઉનાવાની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે સાત અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ધાડનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંબાજી ખાતે ડુંગરી ગરાસીયા સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

યાત્રાધામ અંબાજી ખાતે આજે સમસ્ત હિન્દુ આદીવાસી ડુંગરી ગરાસીયા સમાજ સુધારણા સમીતી દ્વારા સૌ પ્રથમ અને ઐતિહાસીક સમુહ લગ્નોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

અંબાજી દાંતા અને અમીરગઢ વિસ્તારમાં વસતા ડુંગરી ગરાસીયા આદીવાસી સમાજમાં દ્વિતીય ઐતિહાસીક એક સમુહ લગ્નોત્સવ



અંબાજી ખાતે યોજવામાં આવ્યો હતો. જેને લઈ આદીવાસી સમાજમાં એક અનેરો અલગ જ ઉત્સાહ જોવા મળતો હતો. જોકે આ લગ્નત્સવ પ્રથમ ૧૧ યુગલોથી શરૂઆત કરવામાં આવી છે. અને આજે ૧૦૮ યુગલોનો એક ભવ્ય વરઘોડો અંબાજીમાં નિકાળવામાં આવ્યો હતો. જેમાં પુર્વ રજવાડાના રાજવીઓ પણ જોડાયા હતા. આ લગ્નોત્સવ સંપુર્ણ પણે હિન્દુ ગ્નાતી પ્રમાણેને સાસ્ત્રોક્ત વિધિથી લગ્ન વીધી કરાઈ હતી. જોકે આ સંપુર્ણ લગ્નોત્સવ આદીવાસી સમાજને સંગઠીત કરવાને સમાજમાં ખોટા ખર્ચા બચાવવાનો પ્રસંગ હોઈ શકે પણ આદીવાસી સમાજમાં આજના પ્રસંગને થોડુ અલગ સ્વરૂપે માની રહ્યા છીએ. માનવામાં આવે છે કે અંબાજી દાંતા પંથકના જંગલોમાં વસતા આદીવાસી લોકોમાં વટાળ પ્રવૃતી વધી રહી હોવાનું ને કેટલીક મિશનરીયો દ્વાર આદીવાસી લોકોને ધર્મપરીવર્તન કરાવતાં હોવાની હિલચાલના પગલે પણ આ લગ્નોત્સવનું આયોજન કરીને હિન્દુ આદીવાસીને હિન્દુત્વ તરફ લગાવ રહે તે માટે આ આયોજન કરવામાં આવ્યુ હોવાનું આદીવાસી અગ્રણી રાવતાભાઈ પરમાર પ્રમુખ, આદીવાસી ડુંગરી ગરાસીયા સુધારણા સમાજ) જણાવી રહ્યા છે.



અરવલ્લી જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મ શતી વિસ્તારક સપ્તાહ નિમિત્તે અરવલ્લી જિલ્લામાં આજથી વિસ્તારક યોજનામાં વિસ્તારક તરીકે ઘરે-ઘરે, બુથે-બુથે, જઈ કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદીની સરકારે કરેલા ૩ વર્ષના કામો, રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહે આપેલ સંકલ્પ કોંગ્રેસને બૂથ ના મૂળના જડમાંથી ઉખાડી કોંગ્રેસમુક્ત ભારત બનવાનું સંકલ્પ સિદ્ધ કરવા ઉપરાંત ગુજરાતમાં વિજયભાઈ રૂપાણીની સરકારે યોજેલ વિવિધ યોજનાઓ પ્રજા સુધી પહોંચાડવા અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં પ્રજાના મન સુધી પહોચવા નિકળેલા વિસસ્તારકો પોતાના બુથમા સોપેલ કામગીરી કરતા અરવલ્લી જિલ્લામાં જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી સહિત સંગઠન કાર્યકર્તાઓ સાથે જિલ્લાના ૧૦૧૩ બુથ પર નીકળેલ વિસ્તારકો મોડાસા શહેરમાં અરવલ્લી જિલ્લા મિડીયા સંપર્ક વિભાગ વિસ્તારક નિલેશ જોષિ, શૈલેશ ભોઈ, રીતેસ ત્રિવેદી ,નવનિત પરીખ હાજર રહ્યા હતા.

# દાંતીવાડા પોલીસ સ્ટેશનની હદમાંથી ગાડીમાંથી દેશીદારૂ પકડતી પાલનપુર એલસીબી પોલીસ

શ્રી નીરજ કુમાર બડગુજર સાહેબ, પોલીસ અધિક્ષક, બનાસકાંઠા, પાલનપુરનાઓએ પ્રોહિબિશનની પ્રવુતિ સદંતર નાબુદ થાય તેં મુજબ કડક અમલવારી કરવા સૂચના કરતા પો.ઈન્સ. શ્રી. જે એચ સિંધવ ના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના ખુમાજી, નરેશભાઈ, દિગ્વીજયસિહ, વિનોદભાઈ, પ્રવિણભાઈ , વિ. નાઓ દાંતીવાડા પો.સ્ટે વિસ્તારમાં પ્રોહિ ડ્રાઈવ લગત પ્રોહી પેટ્રોલીગમાં હતા. બાતમી હકિકત આધારે દાંતીવાડા GEB ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરી અલ્ટો ગાડી ન.GJ18BA1534 માથી દેશિદારુ લી.૩૬/-કી.રુ ૭૨૦/- તથા અલ્ટો ગાડી કી.રુ ૧,૦૦,૦૦૦/- એમ કુલ કુલ.રુ ૧,૦૦,૭૨૦/-નો મુદ્દામાલ સાથે (૧) મૂકેશસિંહ વાલસિંહ વાઘેલા રહે રામનગર તથા (૨) પિન્ટુ ઉંફે બકો રામસિંહ ઠાકોર રહે રામસીડા વાળો નાકાબંધી જોઈ અલ્ટો ગાડી મૂકી ભાગી ગયેલ અને આરોપી નં-૧ પકડાઈ ગયેલ હોઈ બન્ને વિરુદ્ધમાં દાંતીવાડા પોસ્ટમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ એલ.સી.બી દ્વારા કાયદેસર કાર્ય વાહી કરેલ છે.

# સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા સ્વ. જવાહરલાલ નહેરૂની પૂણ્યતિથી ઉજવાઈ

સાબરકાંઠા, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ



સમિતિ દ્વારા ભારતના પ્રથમ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરૂની પૂણ્યતિથી સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડની આગેવાની હેઠળ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે સ્વ. ભારતના પ્રથમ વડાપ્રધાનને શ્રદ્ધાસુમનના પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રદેશ મહિલાના મહામંત્રી નિર્મળાબેન પંચાલ, જિલ્લા કોંગ્રેસના મહામંત્રી રાજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કોંગ્રેસના પ્રવક્તા હુસેન દિવાન, હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સતીષભાઈ શાહ, નગરપાલિકા વિરોધ પક્ષના નેતા જગદીશભાઈ જયસ્વાલ, કોર્પોરેટર ઈશાક શેખ, જુબેદાબેન પઠાણ, તાલુકા મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સોનલબેન પંડ્યા, જયશ્રીબેન બારોટ, ટી.વી. પટેલ, યુસુફભાઈ પઠાણ, જયદેવ બારોટ, હમીદભાઈ વેકરીયા, મહેશ પરમાર, અશોક પટેલ, મય્યુદીન દિવાન, રણછોડભાઈ પરમાર, સુલ્તાન મનસુરી, ધનજીભાઈ સુતરીયા, કાદીર ડોઈ તેમજ મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરોએ જોડાઈ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.